# શેઠ ડી.મ.પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ, વડોદરા ખાતે ૧૫૦ મી ગાંધી જયંતિ ની ઉજવણી નો કાર્યકમ

શેઠ ડી.મ.પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ, વડોદરા ખાતે ૧૫૦ મી ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ તા.૧/૧૦/૨૦૧૯ ના રોજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાગાયત પોલિટેકનિક, વડોદરાના એસ.આર.સી ચેરમેન પ્રો.વી.ડી.રાઠવા એ સર્વે ને આવકારી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી. ત્યાર બાદ આચાર્યશ્રી ડૉ. બી.એચ.પંચાલે ગાંધીજી ના ફોટોને સુતરની આંટી પહેરાવીને શ્રદ્ધાજલી આપી અને ત્યારબાદ પ્રાસંગિક પ્રવચન કરેલ. ગાંધી જયંતિ નિમિતે વિવિધ સ્પર્ધાઓ જેવી કે વકૃત્વસ્પર્ધા, પોસ્ટર પ્રેજન્ટેશન અને ગાંધી ગીત ગાન સ્પર્ધાઓ નું આયોજન રાખેલ. વિધ્યાર્થીઓએ ખુબજ ઉસ્તાહ પૂર્વક ભાગ લીધેલ હતો. વિવિધ સેમેસ્ટર ના કુલ ૧૦ વિધ્યાર્થીઓ દ્વારા ગાંધી બાપુ ના વિચારો પર પોસ્ટર પ્રેજન્ટેશન કરેલ હતું . વકૃત્વસ્પર્ધા માં “સાંપ્રત સમય માં ગાંધીજી ના વિચારોનું મહત્વ” વિષય પર કુલ ૧૫ વિધ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. ગાંધી ગીત ગાન સ્પર્ધામાં કુલ-૬ વિધ્યાર્થીઓ એ ભાગ લીધેલ હતો. વિવિધ સ્પર્ધામાં વિધ્યાર્થીઓને પોત્સાહનરૂપે પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ ડૉ. આઈ.એન.ભાભોરે ગાંધીજી ના “મોહન થી મહાત્મા” વિષય પર રસપ્રદ પ્રવચન આપેલ હતું. કાર્યક્રમ ની અંત માં ડૉ.આર.જે. મકવાણા દ્વારા સર્વે નો આભાર માની સવે એ રાષ્ટ્ર ગાન ગાઇ કાર્યક્રમ પૂર્ણ કરેલ.

# PHOTO GALLERY






પોસ્ટર પ્રેઝન્ટેશન હરીફાઈ






## વકૃત્વસ્પર્ધા













## ગાંધી ગીત ગાન સ્પર્ધામાં







